# The Ultimate and Up-to-date Guide

## Hemorrhoids (પાઈલ્સ, હરસ, મસા, बवासीर)

### લેસર VS. 4PF- ક્યાં અને ક્યારે વપરાય અને તેની મર્યાદાઓ

**પ્રશ્ન :** હેમોરહોઈડ્સની સારવારમાં લેસર ઉપયોગી છે ?

**જવાબ :** હા, હેમોરહોઈડ સારવારમાં લેસરની ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે.

**પ્રશ્ન :** લેસર ટ્રીટમેન્ટના કયા કયા પ્રકારો છે ?

**જવાબ :** પ્રકારો 1: HeLP, 2: LHP અને 3: CO2 લેસર (Knife, છરી તરીકે)

HeLP = હેમોરહોઈડ્સ લેસર પ્રક્રીયા (Hemorrhoids Laser Procedure,)

LHP = લેસર હેમોરહોઈડોપ્લાસ્ટી (Laser HemorrhoidoPlasty,)

**-: હેમોરહોઈડ્સ લેસર પ્રક્રીયા (Hemorrhoids Laser Procedure, HeLP) :-**

**પ્રશ્ન :** HeLP કેવી રીતે કાર્ય કરે છે ?

HeLP ડોપ્લરની સહાયથી પેડીકલ (Pedicle) ના સ્તરે હેમોરહોઈડ્સના મુખ્ય રક્ત પુરવઠાને ચોક્કસપણે અવરોધિત કરે છે.

**પ્રશ્ન :** HeLP નો ઉપયોગ ક્યાં છે ?

**જવાબ :** ગ્રેડ II અને પ્રારંભીક ગ્રેડ III આંતરિક પાઈલ્સ (Internal Piles)

**પ્રશ્ન :** તે કઈ સાઈટ્સ છે જ્યાં HeLP કામ કરતું નથી ?

**જવાબ :** પેડીકલ (Pedicle) સિવાયની અન્ય કોઈ જ સાઈટ્સ ઉપર કામ કરતું નથી. એટલે કે આંતરિક પાઈલ્સ (Internal Piles), બાહ્ય પાઈલ્સ (External Piles), ગૌણ પાઈલ્સ (Secondary Piles) અને પરિઘર્ષક પાઈલ્સ (Circumferential Piles)

**-: લેસર હેમોરહોઈડોપ્લાસ્ટી (Laser HemorrhoidoPlasty, LHP) :-**

**પ્રશ્ન :** LHP કેવી રીતે કાર્ય કરે છે ?

**જવાબ :** LHP હેમોરહોઈડલ પ્લેક્સસના ઉપર લેસર કોગ્યુલેસન દ્વારા કાર્ય કરે છે. જેનું અંતિમ પરિણામ સ્થાયી (Permanent), સ્થાનીકૃત (Localized) પરંતુ પ્રસરેલા (Diffuse) સબમ્યુક્સ ફાઈબ્રોસીસ એટલે કે સબમ્યુક્સ સ્તરમાં તંતુમય પેશીઓનો સંગ્રહ. (accumulation or laying down of fibrous tissue) ફાઈબ્રોસીસની માત્રાનો આધાર આંતરિક પાઈલ્સની સંખ્યા, કદ અને વાહિનીતા (Vascularity) અને ઓપરેટરની હોંશિયારી ઉપર આધાર રાખે છે. તમે તેની તુલના ઓરલ સબમ્યુક્સ ફાઈબ્રોસીસ (Oral Submucous Fibrosis) સાથે કરી શકો છો.

**-: ફાઈબ્રોસીસ ની અસર :-**

સામાન્ય પેશીઓને નુકસાન અથવા ઈજા થાય ત્યારે ફાઈબ્રોસીસ થાય છે. જે કાયમી છે. તે પેશીઓના કાર્ય પર અસર કરી શકે છે.

નાના અને ન્યુનતમ વેસ્ક્યુલર પાઈલ્સ પર LHP થી ફાઈબ્રોસીસની અસર નોંધપાત્ર નથી હોતી. જો તે માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવે તો સલામત છે. પરંતુ જેમ જેમ આંતરિક પાઈલ્સની સંખ્યા, કદ અને વાહિનીતામાં (Vascularity) વધારો થાય છે ત્યારે તે એક નાજૂક સંતુલન છે. જેના માટે ઘણા અનુભવ અને તાલીમની જરૂર હોય છે.

જેમ જેમ ફાઈબ્રોસીસ વધે છે, તેમ તેમ મળમાર્ગના સંવેદના તંત્ર અને સંકોચન વિકોચન ઉપર અસર થઈ શકે છે.

અયોગ્ય રીતે પસંદ કરેલ દર્દી અથવા અયોગ્ય તાલીમ અથવા સમજ, ગુદા સ્ટેનોસીસ (analstenosis) સહિતની આજીવન સમસ્યાઓ થઈ શકે છે.

**પ્રશ્ન :** LHP નો ઉપયોગ ક્યાં છે ?

**જવાબ :** ગ્રેડ II અને પ્રારંભિક ગ્રેડ III આંતરિક પાઈલ્સ (Internal Piles).

પ્રશ્ન : કઈ કઈ સાઈટ્સ છે જ્યાં LHP કામ કરતું નથી ?

જવાબ : આંતરિક પાઈલ્સ (Internal Piles) સિવાયની અન્ય કોઈ જ સાઈટ્સ ઉપર કામ કરતું નથી. એટલે કે પેડીકલ (Pedicle), બાહ્ય પાઈલ્સ (External Piles), પરિઘર્ષક પાઈલ્સ (Circumferential Piles) અને ગૌણ પાઈલ્સ (Secondary Piles) ઉપર કામ કરતું નથી.

## નિષ્કર્ષ (Conclusion)

લેસરનો ન્યાયિક ઉપયોગ લાભદાયક છે. જો તે માર્ગદર્શિકા અનુસાર કરવામાં આવે તો તે સલામત પણ છે. પરંતુ દર્દીઓની ખોટી પસંદગી અથવા અયોગ્ય ઉપયોગ આજીવન બિન-સુધારણાત્મક ગંભીર પરિણામો તરફ દોરી શકે છે.

## વધુ સારો વિકલ્પ

પ્રશ્ન : શું એવી કોઈ પ્રક્રિયા છે કે જે લેસર કરતા વધુ ચોક્કસ અને સચોટ છે ?

જવાબ : હા, 4PF છે. વ્યક્તિગતકૃત (Personlized), હેતુપૂર્ણ (Perposeful), અનુમાનિત (Predictable) અને ચોક્કસ (Precise) ફાઈબ્રોસિસ છે.

પ્રશ્ન : 4PF કેવી રીતે કાર્ય કરે છે ?

જવાબ : નામ સૂચવે છે તેમ 4PF વ્યક્તિગત, હેતુપુર્ણ, આગાહીવાળું અને ચોક્કસ ફાઈબ્રોસીસનું ઉત્પાદન કરે છે.

પ્રશ્ન : 4PF નો ક્યાં ઉપયોગ છે ?

જવાબ : 4PF બધા જ પ્રકારો, ગ્રેડ અને જટિલતાઓની ઉપર કામ કરે છે. દા.ત. ખુબ જ મોટા, ખુબ જ બહાર આવતા કે ખુબ જ બ્લીડીંગ થતા એટલે કે

- પેડીકલ (Pedicle), ગ્રેડ II, પ્રારંભિક અને અંતિમ ગ્રેડ III, ગ્રેડ IV આંતરિક પાઈલ્સ (Internal Piles),
- બાહ્ય પાઈલ્સ (External Piles), ગૌણ પાઈલ્સ (Secondary Piles) અને પરિઘર્ષક પાઈલ્સ (Circumferential Piles) ના તમામ ગ્રેડ અને પ્રકારો.
- બધી જટિલતાઓ - આંતરિક, બાહ્ય, ગૌણ અને પરિઘ પાઈલ્સની (All Complications of Internal, External, Secondary and Circumferential piles).

પ્રશ્ન : 4PF કામ કરતું નથી એવી કઈ સાઈટ્સ, પ્રકારો અથવા ગ્રેડ છે ?

જવાબ : તે બધા જ ઉપર કામ કરે છે.

પ્રશ્ન : 4PF નો ફાઈબ્રોસીસ કેટલો સચોટ છે ?

જવાબ : તે એટલું ચોક્કસ (Precise) છે કે શસ્ત્રક્રિયાના કેટલાક મહિનાઓ પછી તે ઓળખવું ખૂબ મૂશ્કેલ છે કે શસ્ત્રક્રિયા પણ થઈ છે. તે ફક્ત વ્યક્તિગત (Personlized) જ નથી, હેતુપૂર્ણ (Purposeful) અને અનુમાનજનક (Predictable) છે.


**For More Information**

**@ Hemorrhoids University** on http://www.cancervijay.com/

**Dr P. B. Patel** : +91 98 98 98 96 26, cancervijay@gmail.com

Kedar Tower, Shahibaug, Ahmedabad 380004, Gujarat, India.

YouTube IN Search as - Dr. P. B. Patel


**Act Now or Pay Later**

**Hemorrhoids / Piles and Constipation : Partners in Crime**

Stop Suffering in Silence - Act now - Cure is Easy For Most - We are with you.